# પિંડારડા ગામમાંથી મસ્તક વિનાનો મૃતદેહ મળી આવતા ચકચાર

## આશરે ૩૫ વર્ષના અજાણ્યા યુવાનના મૃતદેહમાંથી મસ્તક પશુઓએ કોતરી ખાધુ હોવાનુ અનુમાન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીકના પિંડારડા ગામમાં સ્થિત આમ્રપાલી વૃદ્ધાશ્રમ પાસેથી આજે સવારના સુમારે આશરે ૩૫ વર્ષીય અજાણ્યા યુવાનનો મસ્તક વગરનો મૃતદેહ મળી આવતા સન્નાટો મચી જવા પામ્યો હતો. મૃતદેહ અંદાજે ચારેક દિવસથી તે સ્થળે પડી રહ્યો હોય તેવી સ્થિતિમાં છે. પેથાપુર પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૃતદેહમાંથી મસ્તક પશુઓએ કોતરી ખાધુ હોવાનું પોલીસે અનુમાન લગાવી તેની ઓળખ અને મૃત્યુનુ કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ આજે સવારના સુમારે પિંડારડા ગામમાં રહેતા મહેન્દ્રસિંહ વાઘેલાને પિંડારડાના આમ્રપાલી વૃદ્ધાશ્રમની બાજુમાંથી વિકૃત હાલતમાં પડેલી આશરે ૩૫ વર્ષીય અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવતા તેણે પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. અજાણ્યા યુવાનના મૃતદેહમાંથી આખુ મસ્તક ગાયબ હતુ. આશરે ચારેક દિવસ આ મૃતદેહ પડી રહ્યો હોય તેવી વિકૃત હાલતમાં બોડી મલી આવી હતી. મસ્તક ગામના પશુઓએ કોતરી ખાધુ હોવાનુ પોલીસનું કહેવું છે. પેથાપુર પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી મૃત્યુનું કારણ તથા મૃતકની ઓળખ માટેની તપાસ હાથ ધરી છે.

# પતિએ પત્નિને કૂકર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી

## અવારનવાર દહેજની માંગણી કરીને સાસુ સસરા અને પતિ ત્રાસ આપતા હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૨

શહેરના સેક્ટર-૩માં રહેતી પરિણીતાએ પોતાનો પતિ અને સાસુ-સસરા શારીરિક-માનસિક ત્રાસ આપીને દહેજની માંગણી કરતા હોવાની ફરીયાદ સે. ૭ પોલીસમથકે નોંધાવી છે. આજે બપોરે પણ પતિએ તેણીના હાથે છુટ્ટુ કુકર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે. સે. ૭ પોલીસે પરિણીતાની ફરીયાદને આધારે સાસુ-સસરા અને પતિ વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

ગાંધીનગરના સેક્ટર-૩-એ પ્લોટ નં. ૭૩/૨ માં રહેતા મનીષ રવિન્દુભાઈ પાટીલના લગ્ન રૂપલ સાથે થયેલા છે. આજે સવારના સુમારે મનીષે ટીવીને બંધ કરી દેવાની બાબતે આવેશમાં આવીને પત્નિ રૂપલને ડાબા હાથે કુકર માર્યું હતું. ઈજાગ્રસ્ત પત્નિ તેણીના પિયર ચાલી ગઈ હતી. તો મનીષ તેણીના ઘરે જઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી આવ્યો હતો. રિક્ષા લેવા માટે રૂ. ૧.૫૦ લાખ લીધા બાદ હજુ પણ છુટક દહેજની માંગણી મનીષ તથા સાસુ-સસરા કરતા હતા. અવારનવાર દહેજની માંગણી કરીને પતિ મનીષ તથા સાસુ વિમળાબેન સોલંકી અને સસરા રવિન્દુભાઈ સોલંકી શારીરીક માનસિક ત્રાસ આપતા હોવાની ફરીયાદ રૂપલે સે. ૭ પોલીસમથકે આપતા પોલીસે ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ આરંભી છે.

### વિધ્નેશ્વરી ટ્રસ્ટનો માણસા ખાતે એકતાળીસમો ચામડી રોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨

શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાનો વડલો (વાનપ્રસ્થાશ્રમ) અને પાલઈ વિધ્નેશ્વરી ધામ માણસા ખાતે દર મહિનાના પહેલા રવિવારે ચામડીના રોગનો નિદાન અને સારવાર કેમ્પ વિના મૂલ્યે યોજાય છે. તા. ૩જી ફેબ્રુઆરીએ એકતાલીસમા કેમ્પનું આયોજન કરેલ છે. મેનેજિંગ ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ વ્યાસે જણાવેલ છે. ડૉ. ગૌરવ બી. પટેલ માનદ્ સેવા આપનાર છે.

### કથાકાર કન્હૈયાલાલજીનો લક્ષ્ય ચેનલ પર કથાનું પ્રસારણ

ગાંધીનગર, તા. ૨

જાણીતા કથાકાર અને લોક સાહિત્યકાર શ્રી કન્હૈયાલાલજી મહારાજની ડાંગરેજી મહારાજ માલસર ખાતે યોજાયેલ કથાનું પ્રસારણ લક્ષ્ય ચેનલ પર સવારે ૧૦ વાગે અને સાંજે છ વાગે પ્રસારિત થાય છે. ધર્મપ્રેમીઓએને લાભ લેવા જણાવવામાં આવેલ છે.

# બાથરૂમમાં પાઈપ સાથે દુપટ્ટો બાંધી પરિણીતાનો ગળેફાંસો

## ઈન્દોરની યુવતીએ બે માસ પહેલા જ ગોવાના યુવક સાથે લગ્ન કર્યા હતાં અને તાજેતરમાં જ અડાલજ સેટલ થયા હતા : આપઘાતનું કારણ અકબંધ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક અડાલજ ગામમાં સ્થિત ઓમ રેસીડેન્સીમાં રહેતી ૨૯ વર્ષીય પરિણીતાએ રાત્રી દરમ્યાન પોતાના ઘરે બાથરૂમમાં પાઈપ સાથે દુપટ્ટો બાંધીને કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. મુળ ઈન્દોરની વતની અને માત્ર બે માસ પહેલા જ મુળ ગોવાના વતની યુવક સાથે લગ્ન કરીને તાજેતમાં જ અડાલજ સેટ થયેલા દંપતી પૈકી પરિણીતાએ કયાં કારણોસર આપઘાત કર્યો તે રહસ્ય હજુ અકબંધ છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને સઘન તપાસ શરૂ કરી છે.

ઈન્દોરની વતની ૨૯ વર્ષીય ક્રિશ્ટીનાબેન કોરાલાના લગ્ન ગોવાના વતની રિચાર્જ બેન્ઝામીન કોરાલા સાથે બે માસ અગાઉ થયા હતા. લગ્ન બાદ દંપતી અડાલજ ગામના મકાન નં. ૩૦૪, ઓમ રેસીડેન્સી ખાતે તાજેતરમાં જ સેટલ થયા હતા. દરમ્યાન રાત્રીના સમયગાળામાં કોઈ અગમ્ય કારણોસર ક્રિષ્ટીના કોરાલાએ પોતાના મકાનના બાથરૂમમાં જઈને પાઈપ સાથે દુપટ્ટો બાંધી દઈ ગળે ફાંસો ખાઈ લીધો હતો. સવારના સુમારે તેણીના પતિ રિચાર્ડ બેન્ઝામીન કોરાલાને આ અંગે જાણ થતા પોલીસને બોલાવી લીધી હતી. અડાલજ પોલીસ સહિત કલોલ ડીવીઝનના ડીવાયએસપી કે.એસ. સવાણી બનાવ સ્થળે દોડી ગયા હતા. પરિણીતાનો મૃતદેહ પી.એમ. માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. ડીવાયએસપી સવાણીના જણાવ્યા મુજબ યુવકે રિચાર્ડના માતાની બન્ને કીડની ફેઈલ છે. સંતાનોને ટી.બી. છે. તેની દવાઓ ચાલે છે તે ઉપરાંત રિચાર્ડ કોલ સેન્ટરમાં નાઈટ શીફટમાં જોબ કરે છે. જ્યારે પત્નિ ક્રિશ્ટીના બેંકમાં જોબ કરતી હતી. કયા કારણોસર તેણીને લાગી આવ્યુ અને અંતિમ પગલુ ભર્યું તે માટેની તપાસ ચાલી રહી છે.

### પત્નિના આપઘાત બાદ પતિ રિચાર્ડે પણ કેરોસીન પી લીધુ

પત્નિ ક્રિશ્ટીનાએ બાથરૂમમાં પાઈપે દુપટ્ટો બાંધીને આપઘાત કરી લીધા બાદ પતિ રિચાર્ડે વધુ સમય થઈ ગયા પછી પણ તે બહાર ન આવતા બાથરૂમમાં જઈને ચેક કર્યુ તો ક્રિષ્ટીના લટકતી હાલતમાં જોઈને સ્તબ્ધ થઈ ગયો હતો. પત્નિએ આપઘાત કરી લેતા પતિ રિચાર્ડે પણ કેરોશીન ગટગટાવી લીધુ હતુ. જો કે કેરોસીનની ઉલ્ટી થઈ જતાં તેને કાંઈ થયું ન હતું. પોલીસે આ દિશામાં પણ તપાસ આરંભી છે.

### સિ.સિ.કા. અને સહયોગ મંડળ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, સહયોગ મંડળ અને આઈ.ટી.આઈ.ના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં રક્તદાન શિબિર યોજવામાં આવી હતી.

રક્તદાન શિબિરમાં ૮૨ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કરી સમગ્ર શિબિરને સફળ બનાવી હતી. આ શિબિરમાં સિવિલ હોસ્પિટલના ડૉ. પરાગીનીબેન અને તેમના લેબોરેટરી ટેકનિશીયનોની જરૂરી સેવા પ્રાપ્ત થઈ હતી. સમગ્ર કેમ્પને સફળ બનાવવામાં આઈ.ટી.આઈ.ના આચાર્ય જી.એન. પારેખ અને તેમના કર્મચારીગણનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો. સિનિયર સિટીઝન્સ કાઉન્સિલના શિવલાલગર ગોસ્વામી, રસિકભાઈ ગાંધી, સોમાભાઈ પરમાર, સહયોગ મંડળના ભગુભાઈ પટેલ, રમેશભાઈ ત્રિવેદી, નટુભાઈ પટેલ વગેરેની પણ સેવાઓ પ્રાપ્ત થઈ હતી.


# રાયસણમાં ત્રણ દુકાનોમાં આગ લાગતા નાસભાગ મચી

## શ્રીરંગ હાઈટ્સની સાઈટમાં બનેલો બનાવ : દુકાનોમાં વિજકનેક્શન ન હોવા છતાં આગ લાગતા આશ્ચર્ય : બાઈક અને કલરનો સામાન ભસ્મીભૂત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર-કોબા હાઈવે પર રાયસણ પાસે સ્થિત શ્રીરંગ હાઈટ્સ કન્સ્ટ્રકશન સાઈટની ત્રણ દુકાનોમાં આજે સવારે એકાએક આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ થતા કાફલો ફાયર ફાયટર સાથે બનાવ સ્થળે પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. દુકાનમાં મુકાયેલુ એક બાઈક ઉપરાંત કલરનો સામાન અને અન્ય પરચુરણ માલ બળીને ખાખ થઈ ગયો હતો. આ ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી. દુકાનોમાં ઈલેક્ટ્રીક લાઈન જ અપાઈ ન હોવાથી શોર્ટસર્કીટનો પ્રશ્ન ઉભો થતો નથી તો આગ કેવી રીતે લાગી તે હજુ રહસ્ય છે.

રાયસણ ગામની સીમમાં સ્થિત શ્રીરંગ હાઈટ્સ સ્કીમની ત્રણ દુકાનોમાંથી આજે સવારે એકાએક ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગતા દોડધામ મચી ગઈ હતી. આ ધુમાડા બાદ પલવારમાં જ આગનું સ્વરૂપ જોવા મળ્યું હતું. દુકાનોમાં આગ લાગી હોવાનો કોલ મળતા જ ગાંધીનગર ફાયર સ્ટેશનના ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે બનાવ સ્થળે બે ફાયર ફાયટર સાથે પહોંચી ગયા હતા. આગ મોટુ સ્વરૂપ ધારણ કરે તે પહેલા જ પાણીનો સતત મારો ચલાવીને આગને કંટ્રોલમાં લઈ લેવામાં આવી હતી. દુકાન નં. ૧, ૨ અને ૩ માં લાગેલી આગમાં કોઈને ઈજાઓ કે જાનહાનિ થવા પામી નથી. પરંતુ મળતી માહિતી મુજબ કલરકામ કરતાં એક કારીગરે તે દુકાનમાં મુકેલુ તેનુ બાઈક નં. જીજે-૧૮-એમ.જે.-૮૫૦૦ સળગી ગયું હતુ. તે ઉપરાંત દુકાનમાં પડેલો કેટલોક કલર માટેનો સામાન ભસ્મીભૂત થઈ ગયો હતો. આ દુકાનોમાં વિજ કનેક્શન જ અપાયુ ન હોવા છતાં આગ કેવી રીતે લાગી તે બાબત હજુ અસ્પષ્ટ છે.





### 'ખુશ્બુ ગુજરાત કી'... લોથલમાં હડપ્પાનાં અવશેષો જોતાં પર્યટકો પાણીને તરસતાં ગળામાં પડતો શોષ

લોથલ એ પુરાતત્વીય સ્થળ છે. ભૂસ્તર ખોદકામ દરમ્યાન લોથલ ખાતેથી જે અવશેષો મળી આવ્યા તે સિંધુ સભ્યતાની ઓળખ ઉભી કરે છે. અહીંની નગર રચના શ્રેષ્ઠ મનાય છે. વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિ લોથલની ગણી શકાય.... લોથલ ખાતે મળી આવેલા માનવ સભ્યતાનાં અવશેષોમાં રોજિંદા ઘર વપરાશના વાસણો, આભૂષણો ઉપરાંત ઘર ઉપયોગી ચીજવસ્તુઓની રચના તેમજ રહેણાંકોની સ્થાપત્ય કળા બેનમૂન અને વિસ્મયકારક છે...લોથલનાં રસ્તાઓ અને જાહેર સુવિધા-સગવડોનું બાંધકામ બેજોડ છે. આવાં પુરાતત્વીય મહત્વ ધરાવતા સ્થળ લોથલ વિશ્વ પ્રવાસીઓ માટે આકર્ષણનું સ્થાન બન્યું છે... પુરાતત્વ સંગ્રાહલય લોથલ એ અમદાવાદથી માત્ર ૭૮ કિ.મી.ના અંતરે છે. 'ખુશ્બુ ગુજરાત કી'મા ફરવા લાયક સ્થળમાં સ્થાન ધરાવતાં અને ઐતિહાસીક સ્થળ અને પુરાતત્વમાં રસ ધરાવતાં હજારો વૈશ્વીક પર્યટકો અહીં હડપ્પાનાં અવશેષો જોવા આવે છે...

આ લોથલ મ્યુઝીયમમાં છેલ્લાં એક વર્ષથી પાણીના ફાંફા છે. રોજના ૨૦૦ થી વધુ પર્યટકો અને ૧૪-૧૫ સ્કૂલના સ્કૂલના પર્યટક વિદ્યાર્થીઓના આગમથી આ સ્થળ ચહલપહલ વાળુ છે.... કોઈ અગમ્ય કારણસર અહીંથી પાણીનું બાષ્પીભવન થઈ ગયું છે. સરકારને રજુઆત કરવા છતાં પાણીની ખેંચથી અહીંનો સ્ટાફ અને પર્યટકો પરેશાન છે. ૫૦૦ રૂપીયાનું ટેન્કર દર ત્રણ દિવસે આવે છે. જેમાંથી આ બધાની કાળજી લેવાય છે, જે અપૂરતુ છે. હડપ્પાનાં અવશેષો જોતાં લોકોનાં ગળામાં પાણીને તરસતાં શોષ પડે છે... વિકાસની ગુલબાંગો પોકારતાં નેતાઓને લોથલનો પ્રવાસ કરાવાશે તો કદાચ પાણીની સમસ્યા હળવી થશે એવું લાગે છે.

# પત્નીને છૂટાછેડા આપ્યા વગર બીજા લગ્ન કરનાર પતિને ૫ વર્ષની કેદ

## માતાના અવસાન બાદ સેલ્ફના ચેક દ્વારા પેન્શનના નાણા પણ ઉપાડ્યા હતા

ગાંધીનગર, તા. ૨

પત્નીને છૂટાછેડા આપ્યા વગર ખોટા રેકર્ડના આધારે તેણીને વિશ્વાસમાં લઈ બીજા લગ્ન કરનાર પતિને ગાંધીનગર કોર્ટે પાંચ વર્ષની કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર અમદાવાદ ખાતે સરદારનગરના ક્રિષ્ના એપાર્ટમેન્ટમાં રહેતા ઘનશ્યામ નારણભાઈ ભારથીએ પ્રથમ પત્નીને છૂટાછેડા આપ્યા વગર બીજા લગ્ન કર્યા હતા. આરોપીએ જુદા જુદા સમયે જુદી જુદી જગ્યાએ પત્નીને છૂટાછેડા આપ્યા સિવાય બે વખત લગ્ન કર્યા હતા. આરોપીએ કીમીયાબેન નામની મહિલાને પોતાના છૂટેછેડા થયા હોવાનુ જણાવી તેવુ રેકર્ડ પર દેખાડી ખોટા વિશ્વાસમાં લઈ લગ્ન કર્યા હતા. જ્યારે આરોપીએ પોતાની માતા ગુજરી ગયેલ હોવા છતા પેન્સનના નાણાંની રકમ સેલ્ફ ચેક દ્વારા ઉપાડી ગુનો કર્યો હતો. આ અંગે ખીમીયાબેને આરોપી વિરૂદ્ધ અડાલજ પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. આ કેસ ગાંધીનગરની ૭ મા એડીશનલ ચીફ જ્યુ. મે.જી.ની કોર્ટમાં ચાલી જતા કોર્ટે આ કેસના ચુકાદામાં એવું ટાંક્યું હતું કે આરોપીનો ઈરાદો અપ્રમાણિક અને કપટયુક્ત વર્તન કરી ફરીયાદી સાથે લગ્ન કર્યા છે. જ્યારે તેમના માતૃશ્રીના પેન્શનના એકાઉન્ટમાંથી પણ આર્થિક લાભ મેળવ્યો છે. આવા સંજોગોમાં આરોપીની સામાજિક જવાબદારી, સામાજિક હીત તેમજ તેમના ગુનાની ગંભીરતા જોતા કાયદામાં ઠરાવેલ સજા કરવાનુ ઉચિત જણાય છે. ભારતીય દંડ સંવીતાની કલમ ૪૯૫, ૪૬૮ મુજબ ગુનો પુરવાર થતા જજ હેતલબેન એસ. દેવલે આરોપીને ૫ વર્ષની સાદી કેદની સજા તેમજ ર. ૫ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યોછે અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા કોર્ટે આદેશ કર્યો છે.

# વીરમાયા સ્મારકના બાંધકામની મંજૂર થયેલી ગ્રાન્ટ છૂટી કરવા માંગ

ગાંધીનગર, તા. ૨

પાટણ ખાતે વીરમાયાના સ્મારકનું બાંધકામ ચાલુ છે પરંતુ હાલમાં ગ્રાન્ટના અભાવે આ બાંધકામ બંધ હાલતમાં પડ્યું છે. વીરમાયા સ્મારક સમિતિ અને સમાજ દ્વારા જાણવા મળ્યું છે કે સરકારમાં વીરમાયા સ્મારકના બાંધકામ માટે એક કરોડ એકત્રીસ લાખની ગ્રાન્ટ મંજૂર થઈ હોવા છતાં સરકાર તરફથી આ ગ્રાન્ટ છૂટી કરવામાં આવી નથી.

વીરમાયા સ્મારક સમિતિના અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડાની આગેવાની હેઠળ વીરમાયા સ્મારકના બાંધકામ માટે ફંડ-ફાળો ઉપલબ્ધ કરવા ગુજરાતભરમાં વીરમાયા રથ સાથે પ્રવાસ ખેડવામાં આવી રહ્યો છે. અન્ય મંદિરો માટે મંજૂર થયેલ ગ્રાન્ટ સરકાર દ્વારા તરત જ છૂટી કરી દેવામાં આવી છે જ્યારે વીરમાયા સ્મારક માટે મંજૂર થયેલ ગ્રાન્ટ છુટી નહી કરતા સમગ્ર દલિત સમાજમાં રોષની લાગણી ફેલાઈ છે. દલિત સમાજ આંદોલનનો રાહ પકડે તે પહેલા ગ્રાન્ટ છૂટી કરવા સંસ્થાના પ્રમુખ મધુકર પરમારે જણાવ્યું છે.

### સ્વામી વિવેકાનંદ જન્મદિન નિમિત્તે વિશેષ સત્સંગનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ભારતીય વિશુદ્ધ પંચાગ પ્રમાણે સ્વામી વિવેકાનંદનો ૧૫૧મો જન્મ દિવસે આવતીકાલે તા.૩ ફેબ્રુઆરી ૨૦૧૩ને સાંજે ૪.૦૦ કલાકે ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે પોષવદ સાતમને રવિવારે સ્વામી વિવેકાનંદ જન્મદિન નિમિત્તે પ્લોટ નં. ૧૬૩૨/૨, સેકટર-૨/ડી, ગાંધીનગર ખાતે વિશેષ સત્સંગ યોજાશે. નગરના ભાવિકજનોને સત્સંગનો લાભ લેવા રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્રના અધ્યક્ષ રજનીકાંતભાઈ ભટ્ટે ખાસ જણાવ્યુંછે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૫

સૂર્યાસ્ત : ૬.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૬.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

વિશ્વરૂપમ્ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૨ :

ડેવિડ : ૧૨.૩૦, ૬.૩૦

રેસ-૨ : ૩.૪૫, ૧૦.૦૦

ઈન્કાર : ૬.૪૫

: સ્ક્રીન-૩ :

ડેવિડ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૦૦

દિવાના મેં દિવાના : ૧૨.૪૫

મેં : ૫.૪૫

રેસ- ૨ : ૭.૩૦

: સ્ક્રીન-૪ :

વિશ્વરૂપમ્ : ૩.૩૦

મેં : ૫.૪૫

ડેવિડ : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રેસ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૫.૦૦

સપ્તજદી (ગુજરાતી) : ૨.૪૫, ૫.૦૦

: સ્ક્રીન-૨ :

રેસ-૨ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

વિશ્વરૂપમ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

ડેવિડ :૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

તુ મારો કોણ લાગે (ગુજરાતી) : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

વિશ્વરૂપમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ડેવિડ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

વિશ્વરૂપ: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

### ચિરાગ, કલોલ

વિશ્વરૂપમ્ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સામાજિકક્ષેત્રમાં સફળતાનો યોગ. આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે.

**વૃષભ** : આર્થિક સ્ત્રોતમાં વૃદ્ધિના કાર્ય થશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**કન્યા** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : સામાજિ કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીની સ્થિતિ મજબૂત રહેશે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. અમૃતભાઈ હરીભાઈ ભીલ (ઉ.વ. ૨૨) ઈન્દીરાનગર છાપરાં, સેકટર- ૨૪, ગાંધીનગર.
- સ્વ. અલ્પાબેન બાબુભાઈ મહેતા (ઉ.વ. ૪૫) પ્લોટ નં. ૩૭૨/૨, સેકટર- ૨૨, ગાંધીનગર.
- સ્વ. સુધાબેન બીપીનચંદ્ર વૈષ્ણવ (ઉ.વ. ૭૯) પ્લોટ નં. ૬૦૬, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર- ૨૨, ગાંધીનગર.
- સ્વ. મધુબેન પ્રવિણભાઈ વઘાસીયા (ઉ.વ. ૬૨) પ્લોટ નં. ૨૪૦, સેકટર- ૧૯, ગાંધીનગર.
- સ્વ. શિવશંકર રેવાશંકર પુરાણી (ઉ.વ. ૮૨) પ્લોટ નં. ૭/૧, સેકટર- ૨/એ, ગાંધીનગર.